ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૧૦-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

સ્વાગતમ્ : વિ.સ. ૨૦૭૧

વિક્રમ સંતવના સૌથી મોટા અને ભારતીય સંસ્કૃતિના પ્રકાશપર્વ સમી દીપોત્સવી વિશેષ તો ગુજરાતીઓ માટે વર્ષના સુખદુઃખના સરવૈયાનો દિવસ બની રહે છે. નવા વર્ષનો શુભારંભ 'પુનશ્ચ હરિઊઁ' ની ખેલદિલી સાથે કરનારા ગુજરાતીઓ છેલ્લા કેટલાક દાયકાઓથી દિવાળીના દિવસોને મોજમજા અને આનંદપ્રમોદના પ્રવાસપર્વ સ્વરૂપે ઊજવવા લાગ્યા છે. દેશવિદેશનાં જાણીતા પ્રવાસનધામો ગુજરાતી પ્રવાસીઓથી ઊભરાવા લાગે છે. આગોતરાં પ્રવાસ પેકેજ જાહેર કરાય છે અને આગોતરાં બુકિંગ થઇ જાય છે. સરકારી અધિકારીઓ, ગ્રાન્ટેબલ વિદ્યાસંસ્થાઓના કર્મચારીઓ વગેરે 'એલટીસી' નામે ઓળખાતી ઉદાર પ્રવાસન યોજનાનો લાભ લેવાનું ચૂકતા નથી. ભારતભરનાં તીર્થધામો અને પર્યટન સ્થળો આવા સરકારી મહેમાનોથી છલકાઇ જતાં હોય છે. સાથે જ ગાંઠના ખર્ચે દિવાળી કરનારા નીકળનારા પણ પોતપોતાના બજેટ મુજબ અંબાજીથી લઇ તિરુપતિ કે હરદ્વાર-ઋષીકેશ અને વૈષ્ણોદેવી સુધી દોડતા હોયછે. શુદ્ધ પ્રવાસ શોખીનોને જેસલમેર અને માંડુ જેવાં પર્યટન સ્થળો આકર્ષે છે તો વળી આબુ - માથેરાન - સાપુતારા અને મહાબળેશ્વર - પંચમઢીના પ્રવાસીઓ કે શિમલા-મસૂરી-નૈનીતાલ-રાનીખેત કે કાશ્મીર જેવાં હિમાલયની ગોદમાં વસેલા અને વિકસેલાં પ્રવાસનધામો પણ આ મોસમમાં ગુજરાતી પ્રવાસીઓથી ઊભરાતાં રહે છે. જૈનો રાજગીર - નાલંદા - પાવાપુરી સહિતના બિહારનાં ઐતિહાસિક તીર્થો ઉપરાંત શ્રવણ બેલગોડા સુધી સપાટો બોલાવે છે. આગ્રાનો તાજમહાલ પ્રેમીઓનું મક્કા છે, તો એ જ પંથકમાં ગોકુળ-મથુરા-વૃંદાવન કૃષ્ણભક્તોનાં પ્રિય પ્રવાસધામો છે. શ્રીનાથજી પણકેમ ભુલાય? પરંતુ હવે નવી પેઢી ધાર્મિક સ્થળો કરતાં આનંદપ્રમોદનાં ટુરિસ્ટ ડેસ્ટિનેશન પર પસંદગી ઉતારતી થઇ છે. થાઇલેન્ડ-સિંગાપુર, મલેશિયા અને સ્વિટ્ઝર્લેન્ડ કે ન્યુઝિલેન્ડ આવાં ડેસ્ટિનેશન છે. લોકો પાસે પૈસો આવ્યો છે અને પ્રવાસની સુવિધાઓ પણ વધી છે. અગાઉ બદરી-કેદારની યાત્રાએ જનાર પાછું વળ્યું ત્યારે વળ્યું ગણાતું. જીવ્યા-મૂઆના જુહાર ભણીને જાત્રાએ નીકળનારને ગામ લોકો અશ્રુભીની વિદાય આપતા. હવે પ્રવાસ બહુ જ સલામત અને ઝડપી બની ગયો છે. કૈલાસ માનસરોવર જેવી ખૂબ જ કઠિન ગણાતી યાત્રા પણ હવે સરળ બની ગઇ છે. દિવાળીના દિવસોમાં આજની નવી નવધનિક પેઢી ક્રુઝમાં રજાઓ ગાળવાનું પસંદ કરે છે. નવાં નવાં અને જયાં અગાઉ કોઇ ગયું ન હોય એવાં સ્થળો પર પસંદગી ઉતારાય છે. સિક્કિમ અને ઉત્તરપૂર્વનાં રાજયો ઉપરાંત લક્ષદ્વીપ અને આંદામાન-નિકોબાર ટાપુઓ હોટ ફેવરીટ પ્રવાસનધામો બની રહ્યાં છે. એક મુદ્દે ગુજરાતીઓ દાયકાઓથી નંબર વન પોઝીશન જાળવી શક્યા છે તે છે આ દિવાળી વેકેશનનો પ્રવાસયોગ. આવાં પ્રવાસનધામો ગુજરાતીઓને સાચવે પણ છે અને લૂંટે પણ છે. ગુજરાતીઓને આ રીતે લૂંટાવાનું ગમે છે. બાર મહિને એક જ વાર લૂંટાવાનું ને? - એવી બેફિકરાઇ સાથે એ મન મૂકીને ખર્ચ કરે છે. ભાગ્યે જ કોઇ સુખીસંપન્ન ગુજરાતી પરિવાર નવું વરસ એની માલિકીના ઘરમાં ઊજવતો હશે! એની અધિષ્ઠાત્રી દેવી લક્ષ્મી પોતે જ ચંચળ હોય ત્યાં ગુજરાતી પગ વાળીને બેસે તો જ નવાઇ. ગુજરાતી વડાપ્રધાને દીપોત્સવી અને નવું વરસ જરા જુદી રીતે ઊજવીને દાખલો બેસાડ્યો છે. એમણે દિવાળીની વહેલી સવારે સિયાચીન ગ્લેશિયર પર પહોંચી જઇ સૈનિકો સાથે દિવાળી ઊજવી. સ્વાભાવિક છે કે સરહદ પર જાન કુરબાન કરવા હર પળે તૈયાર રહેતા સરહદના પ્રહરીઓને દેશના વડાપ્રધાન સામે ચાલીને આવા સપરમા દિવસે પોતાની વચ્ચે આવે તે ગમે જ. મોદીએ વડાપ્રધાનપદ સંભાળ્યા પછી ટૂંકા ગાળામાં ચાર-ચાર વાર જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લઇ એક અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું છે. શરદ પવાર સંરક્ષણ મંત્રી હતા ત્યારે તેઓ સિયાચીન ગ્લેશિયર પર પહેરો ભરતા સૈનિકોને મળવા ગયા હતા. મોદી સંરક્ષણ મંત્રી નથી, છતાં આવું જોખમ ખેડી રહ્યા છે, તેની નોંધ લેવાશે. જમ્મુ અને કાશ્મીરમાં થોડા જ વખત પછી વિધાનસભાની ચૂંટણી છે. એમનું ચાલશે તો મુસ્લિમ બહુલ રાજયમાં પણ કેસરિયાં ક્રાંતિનો સૂત્રપાત કરવા કોશિશ કરશે.

પ્રકાશના પર્વમાં દાઝવાનો એક જ કેસ બન્યો

૧૦૮ ઈમરજન્સીને ચાર દિવસમાં જિલ્લામાંથી ૨૮૯ કોલ મળ્યા : મારામારીની ૧૦ ઘટના નોંધાઈ

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લામાં દિવાળીના તહેવારની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી. આ વર્ષે દિવાળીમાં ફટાકડાથી દાઝવાનો ફકત એક જ બનાવ બન્યો. પરંતુ તેની સામે અકસ્માતના બનાવો વધ્યા છે. દિવાળીના તહેવારમાં ૧૦૮ ઈમરજન્સીને જિલ્લામાંથી ૨૮૯ કોલ મળ્યા છે.

રાજયમાં પાંચ દિવસના દિવાળી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી છે. ત્યારે રોશનીના ચાર દિવસના તહેવારમાં ૧૦૮ ઈમરજન્સીને જિલ્લામાંથી ૨૮૯ કોલ મળ્યા છે. આ વર્ષે દિવાળીના દિવસે ફટાકડા ફોડતા દાઝવાનો એક જ કેસ બનવા પામ્યો છે. નાગરિકોએ સાવચેતીપૂર્વક ફટાકડા ફોડયાનું પ્રમાણપત્ર છે.

જિલ્લામાં પૂરપાટ ઝડપે તેમજ બાઈક સ્લીપ ખાઈ જવાથી એકિસડેન્ટની ૪૫ ઘટનાઓ, બની છે. આવા લોકો માટે દિવાળી પ્રકાશમાંથી અંધકારમાં પરણમી છે. જિલ્લાના વિસ્તારમાં કયાંક કયાંક બોલાચાલી કે સામાન્ય તકરારની ૧૦ ઘટનાઓ, ૧૪ લોકોને પ્રદુષણથી તેમજ ખોરાકની ઝેરી અસર થવાથી હોસ્પિટલાઈઝ કરવા પડયા છે.

કાર્ડીયાક દર્દીઓને દિવાળીના સમયે મોટા મોટા અવાજથી ફૂટતા ફટાકડાના કારણે અચાનક દુખાવો ઉપડતા ૧૦ દર્દીઓને ૧૦૮ ઈમરજન્સી સેવાએ મદદ કરી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા દિવાળીના પાંચ દિવસીય પર્વમાં મીઠાઈ ખાવાથી ૬ લોકોને ઝાડા ઉલ્ટી થઈ જવા પામી છે. પ્રકાશનું પર્વ જિલ્લાના ૨૮૯ વ્યકિતઓ માટે અંધકારમય બન્યું છે. લોકોને તાત્કાલિક સારવાર આપવા માટે ૧૦૮ ઈમરજન્સી સેવાએ દિવાળીના પર્વમાં પણ ૨૪ કલાક સેવા પુરી પાડી છે. સામાન્ય રીતે દિવાળીના પાંચ દિવસના સમયમાં આગ કે દાઝવાના બનાવો વધારે પ્રમાણમાં બનતા હોય છે ત્યારે આ વર્ષે ફકત એક જ કેસ બનવા પામ્યો છે જે જિલ્લાના નાગરિકોની જાગૃતતા બતાવે છે.

હરિની દૃષ્ટિ...

મહેરબાની કરીને ગયા વર્ષે શુભ કામના આપી હતી તેવી ન આપશો...તમારા કહેવા મુજબ ધન વર્ષા થઈ અને પછી...એન્ટી કરપ્શન વાળા હજુ પાછળ પડી ગયા છે...!!!

આવતીકાલથી વાવોલમાં ભવ્ય શ્રીમદ્ ભાગવત કથા પ્રેમયજ્ઞ યોજાશે

લાભ પાંચમથી શરૂ થતી કથા તુલસી વિવાહના દિવસે વિરામ પામશે : આ દિવસે ગામની ૧૧ ગરીબ કન્યાઓનો સમૂહલગ્નોત્સવ યોજાશે : રાત્રે સાંસ્કૃતિ કાર્યક્રમો પણ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવેલ ખાતે તા. ૨૮મી ઓક્ટોબરથી શ્રી રામધામ પ્રેરિત શ્રી ૧૦૮ શ્રીમદ ભાગવત કથા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભાગવત કથા સપ્તાહની પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૩જી નવેમ્બર તુલસી વિવાહના દિવસે વાવોલ ગામની ૧૧ ગરીબ દીકરીઓનો સમૂહ લગ્નોત્સવ પણ યોજવામાં આવ્યો છે. જેને કારણે આ કથા સપ્તાહને પ્રેમયજ્ઞનું નામ પણ આપવામાં આવ્યું છે. આ ભાગવત કથાનો સમય સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ નો રાખવામાં આવ્યો છે. તેમજ આ સપ્તાહ દરમ્યાન રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવનાર છે.

વાવોલ ખાતે આયોજિત આ ભાગવત કથા સપ્તાહ મધુસુદનદાસ બાપુની વ્યાસપીઠે યોજાશે. જેમાં આધુનિક યુવા પેઢીને ધર્મની સાચી સમજણ માટે પ્રેરિત કરાશે અને સમાજમાં શાંતિ, દિવ્યતા અને હકારાત્મક વિચારોનો સંચાર થાય તેવો પ્રયત્ન કરાશે. આ કથાના મુખ્ય યજમાન અમદાવાદના સ્વ. હર્ષવદન કેશવલાલ પટેલ પરિવાર છે તેમજ આ કથા સપ્તાહ દરમ્યાન વિવિધ ધર્મગુરુઓ અને સંતો-મહંતો ઉપસ્થિત રહેશે. આ કથા માટેની પોથીની યાત્રા તા. ૨૭મી ઓક્ટોબર સોમવારે ૩ વાગે રામજીમંદિરથી નિકળશે અને સાંજે ૫ વાગે કથા મંડપમાં પાલડી ભઠ્ઠાના સ્વામી રામાનંદાચાર્યના હસ્તે દીપ પ્રાગટ્ય વિધિ કરાશે.

આ ભાગવત કથાની પૂર્ણાહુતિ તા. ૩જી નવેમ્બર તુલસી વિવાહના દિવસે કરાશે. આ દિવસે વાવોલ ગામની ગરીબ પરિવારોની ૧૧ દીકરીઓનો સમૂહલગ્નોત્સવ પણ યોજાશે. આ દિવસે સમૂહ ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કથા મહોત્સવ અને પ્રેમયજ્ઞ માટે તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અને વિશાળ પંડાલ વાવોલની કોલવડા ચોકડી નજીક આવેલા મેદાનમાં તૈયાર કરાયો છે. આ પંડાલની આસપાસ વાવોલ ગામની મહિલાઓએ સાફ-સફાઈ કરી શ્રમયજ્ઞ હાથ ધર્યો હતો. આ કથાના બીજા દિવસે રાત્રે જાણીતા હાસ્ય કલાકાર જીતુભાઈ દ્વારકાવાળાનો હાસ્ય દરબાર અને ચોથા દિવસે રાત્રે અમદાવાદના નંદ કિશોર શાસ્ત્રીજી દ્વારા સુંદરકાંડ યોજાશે.

પાલડી જલારામ મંદિરે ૨૧૫ મી જલારામ જયંતિએ અન્નકૂટ મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલ જલારામ મંદિર ખાતે તા. ૩૦મી ઓક્ટોબરે ૨૧૫ મી જલારામ જયંતિ પ્રસંગે અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ જન્મ જયંતિ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્રના સેવાભાવી સંત જલારામ બાપાની તા. ૩૦ મી ઓક્ટોબરે ૨૧૫ મી જન્મ જયંતિ છે. આ પ્રસંગને પાલડીના જલારામ મંદિરે ભવ્યતાથી ઉજવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ભવ્ય અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મંદિર સંકુલમાં આવેલ રામચંદ્ર ભગવાન, રાધા-કૃષ્ણ, અંબાજીમાતા, શંકર ભગવાન અને સાંઈબાબાની મૂર્તિઓનું પૂજન પણ કરવામાં આવશે. આ પૂજનવિધિ સવારે ૧૦ થી ૧૨.૩૦ વાગે યોજવામાં આવનાર છે. ભવ્ય અન્નકૂટ મહોત્સવના દર્શન સાંજે ૪ થી રાતના ૧૦ વાગ્યા સુધી યોજાશે. તેમજ રાત્રે ૯.૩૦ વાગ્યાથી ભજનિક મુકેશભાઈ ભટ્ટના ભજનોનો પણ કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગરમાં ઉત્સવોની રજાઓમાં સહેલાણીઓ ઉમટી પડયા

સે. ૨૮ના બાલોદ્યાન અને અક્ષરધામ ખાતે સૌથી વધુ પ્રવાસીઓ આવ્યા : બાલોદ્યાનની ચોતરફ વાહનોનો ખડકલો થયો : અન્ય સ્થળો પર પણ ભીડ ઉમટી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી દિવાળી-નૂતન વર્ષના પર્વનો ઉલ્લાસ અને આનંદ છવાયો છે. દિવાળી વેકેશન અને શનિ-રવિની રજાઓના કારણે નગરના પર્યટન સ્થળો પ્રવાસીઓથી ઉભરાયા હતા અને ખાસ કરીને સેક્ટર-૨૮, અક્ષરધામ અને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે સહેલાણીઓએ ભારે ભીડ જમાવી હતી.

એક તરફ દિવાળીના તહેવારો અને બીજી તરફ શનિ-રવિનો સંગમ થવાથી આ સહેલાણીઓ મોટી સંખ્યામાં ગાંધીનગરના વિવિધ સ્થળે પર્યટન-ઉજવણી કરવા પરિવાર સહિત ઉમટી પડયા હતા. જેના કારણે આ સ્થળોની આસપાસ ભારે ટ્રાફિક જમાવટ થવા પામી હતી. સેક્ટર-૨૮નો બગીચો ગાંધીનગર, અમદાવાદ અને આસપાસના ગામોના સહેલાણીઓ માટે પિકનીક અને પર્યટનનું ખૂબજ સુલભ અને પરવડે તેવું સ્થળ હોઈ અહીં મોટા પ્રમાણમાં પારિવારિક પ્રવાસીઓ આવે છે. નૂતન વર્ષ અને ભાઈ-બીજના દિવસે અહીં બગીચાની ચોતરફ પાર્કિંગ કરાયેલા વાહનોનો ખડકલો જોવા મળ્યો હતો. વળી, સે. ૨૮ના બાલોદ્યાનમાં હિન્દુ-મુસ્લિમ એમ દરેક કોમના સહેલાણીઓ એક સાથે રજાઓને માણતા જોવા મળ્યાં હતા. જેના કારણે કોમી એખલાસનું અનોખુ દૃશ્ય પણ જોવા મળ્યું હતું.

આ ઉપરાંત ગાંધીનગરમાં ગુજરાતના તાજમહેલ સમા અક્ષરધામ ખાતે પણ ખૂબ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યા હતા અને અક્ષરધામ સંકુલમાં પ્રવેશ માટે ખૂબ જ મોટી લાંબી લચક લાઈનો પણ લગાવી હતી. અક્ષરધામમાં આવેલ વોટર શૉ આ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો અને ભારે ઘસારાના કારણે ઘણા સહેલાણીઓને આ સૉ જોયા વિના જ પરત પણ ફરવુ પડ્યું હતું. આ પ્રવાસીઓને કારણે અક્ષરધામ સંકુલ અને તેની આસપાસમાં આવેલ વિવિધ ચીજવસ્તુઓના વેપારીઓને સારા પ્રમાણમાં વકરો નોંધાયો હતો. આ ઉપરાંત ગાંધીનગરના અન્ય પ્રવાસન સ્થળો જેવા કે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સરિતા ઉદ્યાન, પુનિતવન અને સે. ૧૬માં આવેલ ખાણીપીણી બજારમાં પણ પ્રવાસીઓ અને નગરજનોની ભારે ભીડ જોવા મળી હતી.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના પ્રો. ભાવિષા પટેલ અને પ્રો. હિમાલી પ્રજાપતિએ સેલવાસ ખાતે યોજાયેલ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. સક્રિય નર્સિંગ દ્વારા મહિલાઓ અને બાળકોના આરોગ્ય અને રક્ષણ વિષય પર ત્રણ દિવસીય નેશનલ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં બંને પ્રોફેસરોએ નગરનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

રાંધેજા ખાતે મફત સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

રાંધેજા વિદ્યાપીઠમાં આવેલ સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવશે. તા. ૨૮ ઓકટોબરથી તા. ૨ નવેમ્બર દરમિયાન દરરોજ સવારે ૯ થી બપોરના ૧ દરમિયાન કેમ્પ યોજવામાં આવશે. જેમાં દર્દીઓને કુદરતી ઉપચાર પધ્ધતિઓ, હાઈડ્રો થેરાપી, માલીશ, મડ થેરાપી, કસરત, યોગ અને આહારમાં ફેરફાર દ્વારા કેવી રીતે રોગ મટાડી શકાય તેની માહિતી પણ આપવામાં આવશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છુક દર્દીઓએ ૦૭૯-૨૩૯૭૬૭૧૮ પર રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે.

નુતન વર્ષ : પીછે દેખ કે ફિર આગે બઢને કા બીડુ...!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

લો...આવી ગયું નવું વર્ષ...નુતન વર્ષ...!!! સાલ-મુબારક અને નુતન વર્ષાભિનંદનના ઉમળકાભર્યા અવાજો અને ઘરે આવેલા મહેમાનોના હાથે ટીપોય પરની ખાલી થતી નાસ્તાઓની ડીશો વચ્ચે વચ્ચે દિવાળીના દીવડાઓ હજુ બે-પાંચ દિવસ ઝગમગશે... હજુ થોડાક દિવસ છૂટ-મુટ લવિંગીયા - રોકેટ કે બોમ્બના અવાજો સંભળાતા રહેશે...ચાર-પાંચ દિવસની સામટી રજાઓને હિસાબે રસ્તાઓ થોડા દિવસ હજુ સુમસામ રહેશે પછી ધીરે ધીરે બહાર ગયેલા લોકો પરત આવવા મંડશે...કેલેન્ડરમાં નવો ડટ્ટો લાગી જશે... જો કે આ ડટા પણ હવે ડાયનાસોરની જેમ લુપ્ત થતી પ્રજાતિમાં આવતા જાય છે...તો પણ જયાં હજુ વપરાશ હશે ત્યાં તો બદલાશે જ... કોમ્પ્યુટર અને મોબાઈલના ડીઝીટલ કેલેન્ડર્સમાં તો સમય એની મેળે જ બદલાય જતો હોય છે... ડીઝીટલ કલોકના આંકડામાં નવું વર્ષ ચુપચાપ આવી જાય છે...ખબર પણ નથી પડતી પણ હા આ કેલેન્ડરના ડટામાં નુતન વર્ષ લખેલું ગુલાબી, પીળું કે લાલ પત્તું જોવાની જે મજા હતી કે છે એ હવે ગાયબ છે અને કદાચ છે તો ફુરસદ ક્યાં?

બેસતા વર્ષના વર્તમાનપત્રોનો મોટાભાગનો કાગળ આવનારું વર્ષ કેવું રહેશે એ બતાવતા વરતારાઓથી ભરચક હશે. ફેબ્રુઆરી સુધી સમય ઠીક નથી કે આ વર્ષે ધનલાભ થશે જેવા મિશ્ર સમાચારો વાંચતા વાંચતા કપાળ પરની લકીરો ઓછી વત્તી થયા કરશે. ઠીક છે સમય બદલે એમ બધું બદલે છે એ ન્યાયે નવા વર્ષનું આગમન પણ બદલાયું છે અને સમય તો નિરંતર આગળ વધતી વસ્તુ છે...ચીજ છે...એને રોકવો મુમકીન હી નહિ નામુમકીન હૈ. એ એનું કામ કર્યા જ કરે...એને વળી શું નવું કે શું જુનું વર્ષ ? ઘડિયાળના આગળ વધી ગયેલા કાંટા કે સ્મોલ ડાયલના ચોરસ ચોકઠામાં બદલાતા તારીખના આંકડા મહેજ એ વાતનો સંકેત છે કે ગઈકાલ કાલે જતી રહી...આજે છે એ આજ છે અને બહુ જલ્દી આજ પછી આવતીકાલ પણ આવશે જે આજ થશે અને એ જ આવતીકાલ પાછી ગઈકાલ પણ થઈ જવાની...ઓહ સો કન્ફ્યુંસિંગ ના!!!

તો પછી એ હિસાબે તો આ નવું વર્ષ પણ બહુ જલ્દી જુનું થઈ જવાનું ને ? હાસ્તો... ગયું વર્ષ જુનું થયું એટલે તો આ નવું વર્ષ આવ્યું ને બકા..!!! એટલે જ કેલેન્ડરમાં બદલાતો ડટ્ટો કે ડીજીટલી ચેન્જ થતી તારીખના સથવારે જયારે નવા વર્ષના પ્રથમ, દ્વિતીય કે ગમે તે પ્રભાતે આગળ જોવાનું શરુ કરીએ છીએ તો ખરેખરે તો એ પહેલા પાછળ જોવાનું શરુ કરવું જોઈએ. બીત ગઈ સો બાત ગઈ એવું આ નુતન વર્ષ તરફ નજર નાખતી વખતે લાગુ નથી પડતું. જેમ સમય સતત વહ્યા કરે છે એમ જ વહ્યા કરે છે લાઈફ...જિંદગી. કેલેન્ડરમાં વિક્રમ સવંત બદલાઈ ગઈ એનો મતલબ એ થોડો છે કે ગઈ વિક્રમ સવંતને ભૂલી જવાની? નવા વર્ષ તરફ કદમ માંડતા પહેલા એક નજર જુના વર્ષ તરફ નાખવાની તો બનતી હૈ...!!

સો...સીટ બેક એન્ડ થીક... યસ વર્ષ તો ગયું...સમય પણ વહી ગયો... જે બન્યું એના સરવાળા - બાદબાકી કે ગુણાકાર - ભાગાકાર કરવાનો તો કોઈ અર્થ રહેતો નથી પણ એક નજર પાછળ નાખીને આગળ વધવામાં ફાયદો એ છે કે બની શકે કે આવનારા વર્ષમાં અમુક એવી ઘટનાઓ - સંબંધો - ક્ષણો કે નિર્ણયોની બાદબાકી કરી શકો કે પછી ગયા વર્ષ નાં ઉમેરી શકેલા આવા બનાવોને આ વર્ષે ઉમેરવાનો સંકલ્પ કરી શકો. એક નજર વીતેલા વર્ષ પર નાખીએ તો કેટકેટલું રીવાઈન્ડ કરી શકીએ. થોડી ખુશી, થોડા ગમથી લઈને હતાશા, સફળતા, નિષ્ફળતા, વિષાદ વગેરે વગેરે. સી... કોઈની લાઈફ એકસરખી હોતી નથી જ...ને બીજાની લાઈફ સાથે આપણી લાઈફ સરખાવવાની તો ગુસ્તાખી પણ નાં કરવી. ઈટ્સ ઓલ ડીફ્ફરન્ટ યુ નો..!! પણ છતાયે એક નજર પાસ્ટ ઈયર પર તો નાખવી જ પડે અને જેવી નજર નાખવાનું શરુ કરો તો દેખાઈ આવે જીંદગીમાં આવેલા થોડા ઉતાર, ને ઉતારની સાથે સાથે અચૂક ફ્લેશબેક થાય થોડા ચડાવ પણ. ઉતાર યાદ આવે તો દુઃખ થાય પણ ચડાવ યાદ આવે તો ખુશી પણ થાય જ.

જીંદગીમાં કેટકેટલું બનતું હોય છે...ને એ જયારે બન્યું હોય ત્યારે બની શકે કે જીવનકી આપાધાપી મેં એના વિષે નિરાંતે બેસીને તમે વિચારી શક્યા ન પણ હો. સતત દોડતી રહેતી આ લાઈફમાં અમુક નિર્ણયો, બનાવો કે ઘટનાઓ જયારે બની હોય ત્યારે આપણે એ કેમ બની એનો વિચાર કરવાને બદલે સ્વાભાવિક છે કે એના સોલ્યુશન વિષે વધુ વિચાર્યું હોય. જરૂરી તો લાગતું હોય કે આના વિષે વધુ વિચાર કે ચિંતન, મનન કરશું પણ એક ને સુલટાવો ત્યાં બીજું કઈક તૈયાર જ રહેતું હોય છે એટલે એ રઝ્ઝું પેન્ડીગ..જીના ઈસી કા તો નામ હૈ..!!! પણ એ પેન્ડીગ રહેલું વિચારબીજ આ નવા વર્ષની રીવાઈન્ડ થતી કેસેટમાં જો જોવા મળી જાય તો ચોક્કસ પોસનું બટન દબાવીને એના વિષે વિચારી શકાય ને એવું બને કે એ કેમ બન્યું એની જડ પણ મળી જાય ને નવા વર્ષમાં જો આવા નિર્ણયો - ઘટનાઓ - પરિસ્થિતિઓ સે આમના - સામના થાય તો કામ તો લાગે જ....!!!

આમ તો નવા વર્ષનો સીધો ને સાદો નિયમ એ છે કે જુનું બધું ખંખેરી નાખો ને નવા નો વિચાર કરો પણ એ લાઈફ હૈ નાં લાઈફ...એમાં દર નવા વર્ષે બધું નવું નથી આવતું ભાયજાન.... અસલમાં નવા વર્ષમાં ઘણું બધું એવું હોય છે જે કેરી ફોરવર્ડ થાય છે મતલબ ટુ બી કંટીન્યુ....!!!! યસ હશે આવનારા વર્ષમાં કૈક નવીન પણ હશે પણ એ તો જયારે બને ત્યારે પણ નવા વર્ષના નવા રસ્તા પર પહેલો કદમ તો આ અધૂરું રહી ગયેલું... હજુ પૂરું કરવાનું બાકી હોય એવું ભાથું લઈને જ નીકળવાનું હોય છે. આગળ શું બનવાનું છે એનો પાક્કો આઈડિયા તો ક્યાં કોઈને હોય છે એટલે એ તો પડશું એવા દેવાશું એમ કરીને હેપ્પી ન્યુ ઈયર કહી જ દેવાનું હોય પણ આ ન્યુ ઈયર હેપ્પી ત્યારે જ થવાનું જો તમે ઓલ્ડ ઈયરની યાદો, વાદ, વિવાદો, સંબંધો, ખુશી કે ગમને સાથે લઈને નવા વર્ષમાં કદમ માંડશો.

બીત ગઈ વો બાત ગઈ એ વાત સાચી પણ જે બીત તો ગઈ પણ અધુરી છે એનું શું ? કાખમાં તેડેલા બચ્ચાની જેમ એને લઈને જ નવા વર્ષના નવલા રસ્તાઓ ખુંદવા પડે. કેમકે અસલમાં તો એ જ છે આવનારા વર્ષનો સાચો સંગાથી. ગયા વર્ષે મેળવેલા કે નાં મેળવેલા અનેક આશ્ચર્યો, આનંદો, આઘાતો, અપેક્ષાઓ, અરમાનો, આપવીતીઓમાંથી જ મળશે નવા વર્ષમાં સરળતાથી, સફળતાથી વિહરવાની કાબેલિયત. યાદ કરો ગયા વર્ષે આવા જ એક નુતન પ્રભાતે તમે આવનારા વર્ષ વિષે વિચારેલું ? કે પછી ત્યારે વીતી ગયેલા વર્ષ તરફ નજર નાખેલી? જો હા તો એમાંથી કશું શીખેલા ? કે પછી વીતી ગયેલી વાતોને યાદ રાખવાથી આવનારા વર્ષમાં તમે વધુ સચોટ,સટીક અને વધુ સાવચેત થયેલા ? ય્સસસ્સ...જો નવા વર્ષમાં કદમ માંડતી વખતે જરા પલટકે પાછલા વર્ષનો દીદાર કર્યો હશે તો ચોક્કસપણે આવનારા વર્ષમાં તમે ગયા વર્ષમાં રહી ગયેલું, ભૂલ કરેલું કે પડતું મુકેલું કોઈ કામ, સંબંધ, ઘટના કે પરિસ્થિતિનું નિવારણ કરવાનો પ્રયત્ન કર્યો જ હશે. હવે એમાં કેટલા સફળ થયા કે નિષ્ફળ થયા એને જ તો ત્રાજવે નાખવાનું છે આ વષે...!!! થીક...થીક...સોચો....સોચો...!!!

કહેવાવાળા તો કહેવાના જુનું ખંખેરી નાખવાનું ને એને ફેકીને હળવા થઈ જવાનું પણ એ એટલું આસાન પણ નથી અને ફાયદેમંદ પણ નથી. નવું છે એ હકીકત છે પણ એ નવું થયું એની પાછળ જુનાનો એટલો જ ફાળો છે અને જિંદગી કોઈ નાસ્તો કર્યા પછી વધેલી પસ્તી તો નથી જ કે કામ પતી જાય એટલે ડ્યુ વાળીને ડસ્ટબીનમાં ફેકી શકાય. વીતેલું વર્ષ ગયું તો ગયું એ બરાબર પણ એ ગયેલા વર્ષમાંથી જ તો શીખવાનું છે ને એને આધારે જ તો નવું વર્ષ ફરીથી જુનું થાય ત્યાં સુધી અગેઇન ગડમથલ કરવાની છે. ઓફકોર્સ નવા વર્ષે હળવા થવાનું છે ઈટ મીન્સ કૈક નવું બનવા જઈ રઝ્ઝું છે એવું ફિલ કરવાનું છે એ બરાબર છે પણ જુના વર્ષની યાદો - ચાલે એ ખુશી ની હોય કે ગમની એને તો સાથે રાખવાની જ છે અને બીલીવ મી એ યાદોનો ભાર જરાય નહિ લાગે ઉલટાનું એ યાદોની પોટલીના સહારે તમે આવનારા વર્ષમાં મળનારા ખુશીના મોતી જીવનમાં સંઘરી શકશો.

આમ તો નવા વર્ષનું મહત્વનું અને ઉત્સાહજનક કોઈ કામ હોય તો એ છે આવનારા વર્ષ માટે સંકલ્પ કરવાનું. નવું આવે એટલે આપણે નવા સંકલ્પો, નવા વિચારો અને નવા નિર્ણયો કરવામાં પ્રસન્નતા અનુભવતા હોઈએ છીએ. હું આમ કરીશ કે અમે આમ કરશુંથી લઈને આવનાર બાર મહિનામાં કરવા માંગતા કામોનો એક ગોલ સેટ કરવો કે એટલીસ્ટ એને પૂર્ણ કરવા માટેનો નિર્ણય લેવો. જો કે મોટા ભાગના આવા સંકલ્પો પંદરેક દિવસમાં કે પછી બહુ બહુ તો સંક્રાંત સુધીમાં ઉડન છું થઈ જતા હોય છે અથવા તો ઢીલા પડી જતા હોય છે. પણ જો આવા સંકલ્પો લઈ શકો અને એનાથી પણ આગળ આ સંકલ્પોને આવનારા નવા વર્ષ સુધીમાં પુરેપુરા કે પછી અમુક હદ સુધી વળગી શકો કે પાળી શકો તો અતિઉત્તમ પણ અચરજ ની વાત એ છે કે દર નવા વર્ષે આપણે સંકલ્પો કરીએ છીએ અને દર નવા વર્ષે સંકલ્પો બદલીએ પણ છીએ પરંતુ આપણે બદલાતા નથી. અસલમાં સંકલ્પ બદલવાની નહિ પણ આપણે બદલાવાની જરૂર છે. સંકલ્પો લઈએ તે સારી વાત છે પણ નવા વર્ષે મુસીબતો તો એ જ જૂની ને જૂની રહેવાની...